જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૯/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૭૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૦ કેસ કરી, ૫૮ વ્યક્તિઓને ઝડપી, ૪૭૯ લીટર દેશી દારૂ, ૫૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૩૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૩૮ બિયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૧૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૨૭૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૨૭૫/૨૦૨૬**

બાપુનગરઃ બાપુનગર વિસ્તારમાં રહેતા યુવકે બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૯/૨૦૨૬ ના રોજ ફેસબુકમાં યુવતીના નામ વાળી વ્યક્તિ સાથે મિત્રતા થઈ હતી અને તેમની સાથે મો.નં.–+૬૦–૧૧–૨૧૫૦૯૫૦૩ પર વાતચીત થઈ હતી. ત્યારબાદ તા.૧૦/૦૯/૨૦૨૬ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન તેઓએ યુવકને જણાવેલ કે તે મલેશીયા ખાતે રહેતા હોય અને club elite 21 નામની કંપનીમાં રૂપિયા રોકાણ કરે છે અને તેમાં સારું કમિશન મળે છે તેમ કહી યુવકને લિંક મોકલી યુકો બેન્કના ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કરાવી રોકાણ કરાવ્યુ હતું. જેમાં કમિશન સાથે રોકાણ કરેલ રૂપિયા પરત યુવકને પરત આપી વિશ્વાસમાં લઈ વધું રોકાણ કરવાનું કહી યુવક પાસેથી તેઓના યુકો બેન્કના ખાતામાં રૂપિયા ૨,૭૧,૧૧૪/– ઓનલાઈન ટ્રાન્જેકશન કરાવી મેળવી લીધા હતા. જે રૂપિયા પરત લેવા માટે માંગણી કરતા તેઓએ જણાવેલ કે રૂપિયા પરત લેવા માટે ટાસ્ક પુરો કરવો પડશે તેમ કહી યુવક પાસેથી વધું રૂપિયા માંગણી કરતા પોતે છેતરાયા હોવાનું માલુમ પડ્યું હતું. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.કે.ગઢવી ચલાવે છે.

ઇસનપુરઃ જીગર કૌશિકભાઈ જોશી (ઉ.વ.૫૩) (રહે. ઈલુ એપાર્ટમેન્ટ જયંતપાર્ક ભાડુઆતનગર ઘોડાસર ઇસનપુર) એ તા.૧૧/૦૯/૨૦૨૬ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૮/૨૦૨૬ બપોરના ૦૧/૩૦ થી કલાક ૦૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ જીગર જોશીનો મોબાઇલ ફોન હેક કરી ઓનલાઇન માધ્યમથી જીગર જોશીના બેન્ક ખાતામાંથી રૂપિયા ૧,૬૦,૫૦૦/– ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એસ.જાડેજા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૨૭૬/૨૦૨૬**

સોલા હાઈકોર્ટઃ જનકકુમાર જયંતીલાલ પંડ્યા (ઉ.વ.૫૭) (રહે. પ્લોટ નંબર–૧૦૬ ગાર્ડન સીટી ફેઝ–૦૧ લેન નંબર–૧૨ ગ્રીનવુડ ફેઝ–૦૧ લવકુશ લેનની નજીક એસ.પી.રીંગ રોડ ઓગણજ) એ તા.૧૧/૦૯/૨૦૨૬ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૭/૨૦૨૬ થી તા.૦૭/૦૯/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા તથા ચીજ વસ્તુઓ મળી કુલ રૂપિયા ૩,૮૫,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.ડી.ડીંડોર ચલાવે છે.

દાણીલીમડાઃ અબ્દુલમતીન અબ્દુલમજીદ મેમણ (રહે. જૈતુન એપાર્ટમેન્ટ, ગુજરાત ઓટો સામે બેરલ માર્કેટ અંદર દાણીલીમડા) એ તા.૧૧/૦૯/૨૦૨૬ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૯/૨૦૨૬ કલાક ૦૦/૧૫ થી કલાક ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લાકડાનાં કબાટનાં લોકરનું તાળુ તોડી લોકરમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૧૫,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડિ.જે સોલંકી ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૨૭૭/૨૦૨૬**

ઈસનપુરઃ રેશમાબહેન અકબરભાઈ દરબાર (ઉ.વ.૭૦) (રહે. રહેમત ડુપ્લેક્ષ પાસે રસુલાબાદ ઈસનપુર) એ તા.૧૧/૦૯/૨૦૨૬ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જુન/૨૦૨૬ થી તા.૧૦/૦૯/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં ચોખ્ખાના ડબ્બામાં રાખેલ સોનાના દાગીના, સોનાની લગડી તેમજ રોકડ રૂપિયા ૬,૦૦૦/– મળી કુલ રૂપિયા ૭૮,૦૦૦/– મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.આર.સોલંકી ચલાવે છે.

ચાંદખેડાઃ અંકીતાબહેન વિશાલકુમાર જોષી (રહે. સ્વમાન સોલારીસ ફ્લેટ આઈ.સી.આઈ.સી.આઈ. બેંન્કવાળા કોમ્પ્લેક્ષમાં ટી.પી.૭૬ ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૯/૨૦૨૬ સવારના ૧૧/૦૦ થી બપોરના ૦૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે બેડરૂમમા ડ્રેસીંગ ટેબલમાંથી સોનાની ચેઈન, સોનાનુ પેડલ, સોનાની વિંટી કિમત રૂપિયા ૧,૩૨,૦૦૦/– મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એસ.પરમાર ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૨૭૮/૨૦૨૬**

મેઘાણીનગરઃ સૌરભ રાકેશકુમાર ઓઝા (ઉ.વ.૨૭) (રહે. બાલિસ્ટર સિંઘની ચાલી રામેશ્વરબ્રિજ પાસે મેઘાણીનગર) તા.૧૧/૦૯/૨૦૨૬ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે સીડી નીચે પાણીની વિજ મોટર ચાલુ કરવા જતા વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.બી.પટેલ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૨૭૯/૨૦૨૬**

નિકોલઃ કાંતીભાઇ પિથાજી ઘાંચી (ઉ.વ.૬૨) (રહે. સાસ્વત રેસીડેન્સી કેળવણી ધામની બાજુમા નિકોલ ગામ) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૯/૨૦૨૬ સાંજના ૦૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે ચોથા માળથી પડતું મુકતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને શારદાબેન હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.જે.શેખવા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી